# અધ્યાય ૧૫
## શ્રી ચોળકર-શર્કરાખ્યાન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

છઠ્ઠા અધ્યાયમાં શિરડીમાં રામનવમી-ઉત્સવકથા વર્ણવી છે. એ ઉત્સવની શરૂઆત કેમ થઈ, એ પ્રસંગના કીર્તન માટે સારા હરિદાસ મેળવતાં કેવી મુસીબત નડેલી તથા શ્રી બાબાએ આ કામ દાસગણુને કેમ સોંપ્યું અને દાસગણુએ કેવી કુશળતાથી તે પાર ઊતાર્યું એ સર્વ હકીકત છઠ્ઠા અધ્યાયમાં આપી છે. હવે દાસગણુ જે રીતે હમેશાં કીર્તન કરતા હતા તેનું વર્ણન આ અધ્યાયમાં વાંચીએ.

**નારદીય કીર્તન-પદ્ધતિ :** સામાન્ય રીતે આપણા હરિદાસ કીર્તન વેળા બધાં કપડાં પહેરી ખભે ખેસ નાંખે છે અને માથા પર ફેંટો કે પાઘડી મૂકે છે. ખમીસ પર લાંબો ડગલો પહેરે છે અને લાંબુ ધોતિયું પહેરી ખભે ઉપરણો નાંખે છે. શિરડીમાં આ કીર્તન માટે આવાં જ કપડાં પહેરી દાસગણુ બાબાને પ્રણામ કરવા ગયા ત્યારે બાબા બોલ્યા : ‘‘આવો વરરાજા, આવાં સુંદર કપડાં પહેરીને ક્યાં પધારો છો ?’’ દાસગણુએ ઉત્તર દીધો : ‘‘દેવ, હું તો કીર્તન કરવા જાઉં છું.’’ ત્યારે બાબાએ પૂછ્યું : ‘‘આવાં બધાં વસ્ત્રો-ડગલો, ઉપરણો, ફેંટો એ બધાની શી જરૂર છે ? એ બધો દેખાવ કરીને અહીં આવવાની કે એ સર્વ પહેરવાની અગત્ય ક્યાં છે ?’’ દાસગણુ સમજી ગયા અને બધાં કપડાં ઉતારી બાબાના ચરણમાં મૂક્યાં. ત્યારથી તેમણે આવાં કપડાં ફરી પહેર્યાં નથી. પોતે માત્ર એક ધોતિયું જ પહેરતા હતા અને ગળામાં પુષ્પનો હાર રાખતા હતા. સામાન્ય રીતે સર્વ હરિદાસની કપડાંની રસમ આવી નથી. પણ બાબાની બતાવેલ આ રસમ ઉત્તમ છે. મહર્ષિ નારદ કીર્તન-પદ્ધતિના પિતા ગણાય છે. તે પોતે ધોતિયા સિવાય અંગ પર કે માથે કશું પહેરતા નહિ. હાથમાં વીણા લઈ તે વગાડતા ને પ્રભુના ગુણગાન કરતા કરતા સ્થળે સ્થળે ફરતા હતા.

***શ્રી ચોળકરની ખાંડ વિનાની ચા :*** અહમદનગર તથા પૂના જિલ્લામાં બાબાનું નામ પ્રખ્યાત હતું. નાનાસાહેબ ચાંદોરકરના અંગત અનુભવ દ્વારા તથા દાસગણુનાં અજોડ-સુંદર કીર્તનો દ્વારા બાબાની કીર્તિ આખા કોંકણ પ્રદેશમાં ખૂબ પ્રસરી હતી. વસ્તુત: દાસગણુનાં અજોડ-સુંદર કીર્તનો સાંભળીને ઘણા માણસોને બાબા વિષેની માહિતી મળી હતી. કીર્તન સાંભળવા આવનાર શ્રોતાજનોના શોખ વિવિધ પ્રકારના હોય છે. કોઈ હરિદાસની વિદ્વત્તા વખાણે છે તો કોઈને તેમની બુદ્ધિ તથા હાસ્યરસ પસંદ પડે છે. કોઈ તેમનો વેદાંત પરનો બોધ તો કોઈ તેમનાં દ્દષ્ટાંત ને વાતો વખાણે છે. પણ આ કીર્તન સાંભળીને પ્રભુ પર તથા સંત પર શ્રદ્ધાભક્તિપ્રેમ જેમના હૃદયમાં જાગે એવા શ્રોતાજનો તો બહુ થોડા હોય છે. દાસગણુના કીર્તનના શ્રવણની અસર શ્રોતાના મન પર વિદ્યુત જેવી થતી હતી. એ દાખલો અહીં આપીએ :

એક વાર દાસગણુ થાણામાં કૌપીનેશ્વર મહાદેવની જગામાં ''સાઈબાબાના ગુણ પ્રતાપ'' એ વિષય ઉપરનું કીર્તન કરતા હતા. થાણા જિલ્લાની દીવાની અદાલતમાં ઉમેદવાર તરીકે નોકરી કરતા શ્રી ચોળકર નામે એક ગરીબ માણસ અન્ય શ્રોતા જોડે બેસીને આ કીર્તન સાંભળતા હતા. દાસગણુનું કીર્તન તેમણે ધ્યાનપૂર્વક સાંભળ્યું અને તેમના મન પર ભારે અસર થઈ. ત્યાં જ તેમણે મનમાં બાબાને પ્રણામ કર્યા અને બાધા લીધી: ''હે બાબા, મારા કુટુંબનું પૂરું પોષણ પણ હું કરી શકતો નથી. હું અત્યંત ગરીબ છું. આપની કૃપાથી જો હું અમારા ખાતાની પરીક્ષામાં પાસ થઈશ અને મને કાયમી જગા મળશે તો હું શિરડી આવી આપનાં દર્શન કરી આપને ચરણે માથું મૂકીશ અને આપને સાકર ધરીને વહેંચીશ. ત્યાં સુધી હું સાકર ખાઈશ નહિ.'' એ પછી સુભાગ્યે ચોળકર ખાતાની પરીક્ષામાં પાસ થયો અને તેને કાયમી જગા મળી. હવે લીધેલી પ્રતિજ્ઞા પૂરી કરવાની બાકી રહી હતી. જેમ તે વહેલી પૂરી થાય તેમ ઉત્તમ. આ નિર્ધન ચોળકરને મોટા કુટુંબનું પોષણ કરવાનું હતું. તેથી શિરડી જવાના ખર્ચ જેટલી બચત થતી નહોતી. કોઈએ ખરું કહ્યું છે કે 'થાણા જિલ્લાનો નાણેઘાટ સહ્યાદ્રિ પર્વત ઓળંગવો સહેલો છે



પણ નિર્ધન માણસને ઊંબરઘાટ-ઘરનો ઉંબર પણ ઓળંગવો અઘરો છે.' ચોળકરની ઇચ્છા પોતાની પ્રતિજ્ઞા બને તેટલી વહેલી પૂરી કરવાની હતી. તેથી ખર્ચમાં ભારે કાપકૂપ કરીને પણ શિરડીયાત્રા માટે પૈસા એકઠા કરવા એવો નિશ્ચય કર્યો. નિત્યના ખોરાકમાં ખાંડ-સાકરની બાધા લીધી હતી. તેથી ચા પણ ખાંડ-સાકર વિનાની જ તે લેતો હતો. આમ પોતે થોડાક પૈસા બચાવી શક્યો અને બાબાના દર્શનાર્થે તે શિરડી આવ્યો. બાબાના પગમાં પડી શ્રીફળ ધર્યું અને લીધેલી પ્રતિજ્ઞા મુજબ બાબાને શુદ્ધ હૃદયથી સાકર ધરાવીને ભક્તોને વહેંચી દીધી. બાબાને કહ્યું : ''બાબા, આપનાં દર્શન કરીને હું કૃતકૃત્ય થયો. આજે મારી ઇચ્છા પૂર્ણ થઈ.'' ચોળકર, બાપુસાહેબ જોગને ઘેર ઉતર્યો હતો. જોગ પણ ત્યાં હાજર હતા. જેવા એ બન્ને જણ ઊઠીને મસીદમાંથી ઘેર જતા હતા તેવા જ બાબાએ જોગને કહ્યું : ''તારા મહેમાનને આજે ખૂબ સાકર નાંખીને ચા પાજે.'' આ સૂચક શબ્દો ચોળકરના કાને પડતાં જ તેના દિલ પર ભારે અસર થઈ. તે આશ્ચર્યચકિત બન્યો અને આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. પુન: તે બાબાના પગમાં પડી ગયો. મહેમાનને ખૂબ સાકર નાંખીને ચા પીવાની બાબાની સૂચના સાંભળી જોગને પણ કુતૂહલ થયું હતું. બાબા તો આ વચનો દ્વારા ભક્ત ચોળકરના અંતરમાં શ્રદ્ધાભક્તિ જ વધારવા ઇચ્છતા હતા. પોતે જાણે તેમને સૂચવતા હતા કે તમારી સાકરની પ્રતિજ્ઞાની મને ખબર છે તથા તમારી બાધાની સાકર મને મળી ગઈ છે. આ દ્દષ્ટાંત દ્વારા બાબા એમ કહેવા માગતા હતા કે ''જો તમે ભક્તિથી મારી પાસે હાથ ધરશો તો હું અહોનિશ તમારી જોડે જ છું. ભલે, સ્થૂળદેહે હું અહીં શિરડીમાં બેઠો, પણ સાત સમુદ્ર પાર પણ તમે શું કરો છો તે સર્વ અહીં બેઠાં હું જાણું છું. આ વિશાળ જગત પર તમે ગમે ત્યાં જાઓ પણ હું તો સદા તમારી જોડે જ છું. મારું સ્થાન તમારા હૃદયમાં છે અને હું તમારામાં જ છું. તમારા હૃદયમાં તેમજ પ્રાણીમાત્રનાં હૃદયમાં બેઠેલા એવા મારું પૂજન કરજો. મને આ રીતે ઓળખનારા જ સાચા ભાગ્યવંત અને સુખી છે.'' આમ બાબાએ ચોળકરને કેવો સુંદર અગત્યનો પાઠ ભણાવ્યો હતો !

**બે ગરોળીઓ :** હવે બે નાની ગરોળીઓની કથા વર્ણવીને આ અધ્યાય પૂરો કરીશું. એકવાર મસીદમાં બાબાની સામે એક ભકત બેઠો હતો. એવામાં તેણે ચિચિયારી કરતી દીવાલ પર કૂદતી એક ગરોળી જોઈ. પેલા ભકતને કુતૂહલ જાગવાથી તેણે બાબાને પૂછ્યું, ''બાબા, આ ગરોળી કેમ ચિચિયારી કરે છે?'' એ શુભ શુકનસૂચક છે કે અશુભ ?'' બાબાએ ઉત્તર દીધો,: ''આજે તેની બહેન ઔરંગાબાદથી તેને મળવા આવનાર છે. તેથી તે ખૂબ આનંદિત બનીને ચિચિયારી કરે છે.'' બાબાના આ શબ્દો પેલો ભકત બરાબર સમજ્યો નહિ, તેથી છાનોમાનો બેસી રહ્યો. એવામાં એક ઘોડા પર બેસીને એક જણ ઔરંગાબાદથી બાબાનાં દર્શને આવ્યો. તેને હજુ આગળ જવાનું હતું. ઘોડો ભૂખ્યો હતો, તેથી તેને ચંદીના ચણા દેવાના હતા. ચણા લાવવા તેણે એક થેલી કાઢીને જેવી ઊંધી વાળીને ખંખેરી અને નીચે ઝાપટી તેવી જ તેમાંથી એક ગરોળી નીકળી આવી અને સૌના દેખતાં તે સામેની દીવાલ પર ચઢી ગઈ. ગરોળીનો પ્રશ્ન પૂછનાર ભકતની સામું બાબાએ જોયું. પેલી ગરોળી એકદમ કૂદીને તેની બહેન પાસે પહોંચી. દીર્ઘકાળ પછી બન્ને બહેનો મળી હતી. તેથી પ્રેમથી ગોળ ગોળ ફરીને નાચવા લાગી. કયાં શિરડી અને કયાં ઔરંગાબાદ ? ઔરંગાબાદથી ગરોળી લઈ ઘોડા પર બેસી આ માણસ શિરડી કેમ આવ્યો ? આ બે બહેનોના મિલનનું ભાવી બાબાએ કેવી રીતે કહ્યું હશે ? ખરેખર આ બધું ભારે આશ્ચર્યજનક છે. બાબા સર્વજ્ઞ હતા તે વસ્તુ આથી પુરવાર થાય છે.

તા.ક. જે કોઈ આ અધ્યાય ભાવથી વાંચશે અગર તેનું નિત્ય અધ્યયન કરશે તેનાં સર્વ સંકટ શ્રી સદ્‌ગુરુ સાઈબાબાની કૃપાથી ટળી જશે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી ચોળકર-શર્કરાખ્યાન'**
**નામ પંદરમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**